**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : તૌફિક સમા**

**ડીઇઓ : પ્રદીપ ચાવડા**

**તારીખ : 05-06-2024** **સમય : સાંજે 6.25 વાગ્યે**

---

## <u>પ્રધાનમંત્રીનું રાજીનામું</u>

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રાષ્ટ્રપતિને રાજીનામું આપ્યું છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સ્વિકાર્યું રાજીનામું સ્વિકાર્યું છે. નવી સરકાર બને ત્યાં સુધી કાર્યવાહક પ્રધાનમંત્રી બની રહેશે. પ્રધાનમંત્રીએ આજે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ સાથે મુલાકાત કરી હતી. ત્રીજી વખત લોકસભા ચૂંટણી જીત્યા બાદ પ્રધાનમંત્રી મોદીની આ પ્રથમ મુલાકાત છે.

**DD NEWS**

---

## <u>વિશ્વ પર્યાવરણ દિવસ</u>

આજરોજ પાંચમી જૂન દર વર્ષે વિશ્વ પર્યાવરણ દિવસ તરકે ઉજવવામાં આવે છે. આ દિવસની ઉજવણી પાછળનો હેતુ સમગ્ર વિશ્વમાં લોકોને પર્યાવરણ પ્રત્યે જાગૃત કરવાનો છે. યુનાઇટેડ નેશન્સ

ઇન્ટરનેશનલ ડેમાં 150થી વધુ દેશોના લોકો ભાગ લે છે. સ્વચ્છ પર્યાવરણ અને સુરક્ષિત ધરતી બનાવવા માટે વિવિધ જાગૃતિ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવે છે અને લોકોને પર્યાવરણનું મહત્વ સમજાવવામાં આવે છે. સંયુક્ત રાષ્ટ્રસંઘ પર્યાવરણ દિવસની કાર્યક્રમોના આયોજન માટે વિષયની પસંદગી કરી સૂત્ર આપે છે. જેમાં આ વર્ષની થીમ "જમીન પુનઃસ્થાપન નિર્જનીકરણ, અને દુષ્કાળની સ્થિતિસ્થાપકતા" ઉપર મનાવવામાં આવી.

**N.P. તૌફિક સમા**

---

## કચ્છ-ગુજરાત-પર્યાવરણ દિવસની ઉજવણી

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે અમદાવાદ ખાતે વૃક્ષારોપણ કરીને 'મિશન થ્રી મિલિયન ટ્રીઝ' અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. જેના ભાગરૂપે કચ્છમાં વિશ્વ પર્યાવરણ દિવસે વિવિધ જગ્યાએ વૃક્ષારોપણ કરી પર્યાવરણ વિશે જાગૃતતા ફેલાવવા માટે વિવિધ કાર્યકોમનું આયોજન કરવામાં આવ્યું હતું. રાપર વન વિભાગની વિસ્તરણ રેન્જ અને રાપર પોલીસના સંયુક્ત ઉપક્રમે પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વૃક્ષોનો વાવેતર કરી પર્યાવરણ અંગે લોક જાગૃતિના કાર્યક્રમો યોજાયા હતા.

**RNU અમદાવાદ / N.P. તૌફિક સમા**

---

## મદાક પદાર્થનો જથ્થો પકડાયો

કચ્છમાં લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરો, સ્થાનિક ગુના શાખા અને ગાંધીધામ બી વિભાગ પોલીસે સંયુક્ત કામગીરી કરી 130 કરોડ રૂપિયાના માદક દ્રવ્યનો જથ્થો પકડી પાડ્યો છે. ખારીરોહર નજીક નિર્જન વિસ્તારમાંથી પકડાયેલા આ માદક પદાર્થની શુદ્ધતા જાણવા ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળાની મદદ લેવામાં આવી છે.

ઉપરાંત આ માદક પદાર્થની વધુ જથ્થાની આશંકા હોવાથી પોલીસે ડ્રોન કેમેરાથી સમગ્ર વિસ્તારમાં સઘન શોધખોળ પણ હાથ ધરી હતી.

**RNU અમદાવાદ**

---

## સમૂહલગ્ન : આહિર સમાજ

પ્રાંથળિયા આહિર સમાજ દ્વારા વૈશાખ વદ તેરસ (અંધારી તેરસ)ના વણજોયા મુહૂર્તે કચ્છભરમાં સમૂહલગ્ન યોજવામાં આવે છે. પરંપરાગત રીતે યોજાતા આ સમૂહલગ્ન આહીરપટ્ટીના રતનાલ, સતાપર, આંબાપર, મીઠા પસવારિયા, ચોબારી, દુધઇ સહિતના ગામમાં કુલ 1200 જેટલા લગ્ન યોજાયા હતા.

**N.P. તૌફિક સમા**

---

## ટી-20- વિશ્વ કપ

ભારત અને આયર્લેન્ડની ટીમ ટી 20 વર્લ્ડ કપ 2024માં આજથી પોતાના અભિયાનની શરૂઆત કરશે. આ મુકાબલો ન્યૂયોર્કના નાસાઉ કાઉન્ટી ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાશે અને ભારતીય સમય અનુસાર રાત્રે 8 વાગ્યે મેચ શરૂ થશે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------------

## હયાતી ઓનલાઇન ખરાઇ કેમ્પ

માંડવીમાં નિવૃત્ત પ્રાથમિક શિક્ષક સમાજ દ્વારા સતત ત્રીજા વર્ષે નિવૃત્ત પ્રાથમિક શિક્ષકો માટે હયાતીની ઓનલાઇન ખરાઇ કરવાનો નિ:શુલ્ક કેમ્પ અંધ-અપંગ માનવ કલ્યાણ સોસાયટીના કાર્યાલય મધ્યે યોજાયો હતો, જેમાં માંડવી, મુન્દ્રા અને લખપત તાલુકાના નિવૃત્ત કર્મચારીઓએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

**N.P. તૌફિક સમા**

---------------------------------------------------------------------------

## જૂન-2024 મલેરિયા વિરોધી માસ

જૂન-૨૦૨૪ માસને મેલેરીયા વિરોધી માસ તરીકે ઉજવવામાં છે. જેના ભાગરૂપે મેલેરીયા ફેલાવાની શક્યતા વાળા ૨૭૪ ગામો તથા ૭ શહેરી વિસ્તારોમાં ૩૪૦ જેટલા નિદાન કેમ્પોનું આયોજન કરવામાં

આવ્યું છે. સાથે સાથે આ ગામોમાં ગ્રામ્યકક્ષાના અધિકારીઓ, પદાધિકારીઓ, કર્મચારીઓ તથા લોકઆગેવાનો સાથે સંકલન કરી શિબિરોમાં મચ્છરોનું જીવનચક્ર, મચ્છરના પોરા તથા પોરાભક્ષક માછલીઓનું જીવંત નિર્દેશનોનું આયોજન કરવામાં આવેલું છે. આરોગ્ય કર્મચારીઓ તથા આશાબહેનો દ્વારા ઘરો ઘર સર્વે કરીને લોકોને મેલેરીયા રોગ વિશે તથા તેનાથી કેવી રીતે બચી શકાય અને મચ્છરની ઉત્પતિ અટકાવવાની પધ્ધતિઓની સમજ આપવામાં આવશે. વર્તમાનપત્રો, સ્થાનિક કેબલ નેટવર્ક, આકાશવાણી જેવા માધ્યમો દ્વારા પણ લોકો સુધી મેલેરીયા વિષયક સંદેશો પહોંચાડવામાં આવશે.

માહિતી ખાતુ

---------------------------------------------------------------------

## NTA-UU નીટ રિઝલ્ટ

નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા જાહેર કરાયેલા પરિણામોમાં ગુજરાતના 4 વિદ્યાર્થીએ પ્રથમ ક્રમાંક મેળવ્યો છે.

ધોરણ 12 સાયન્સ પછીના મેડીકલ, ડેન્ટલ, હોમિયોપેથિક અને આયુર્વેદ સહિતના કોર્સના પ્રવેશ માટે લેવાયેલી યુ.જી.નીટનું પરિણામ જાહેર થતાં ગુજરાત સહિત દેશના 66 વિદ્યાર્થીએ પ્રથમ ક્રમાંક મેળવ્યો છે.

RNU અમદાવાદ

---------------------------------------------------------------------